નવી બાબત ૨૦૨૦-૨૧
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી સવલતો બુટ-મોજાના ખર્ચમાં વધારો કરવા અંગે
રૂ.૧૧.૨૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૯/૫૭૩૦૧૨/ન.બા.૧૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૩૧/૦૭/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૨૩/૦૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:અનશ-૧૦૨૦૦૬-ન.બા.૩૩-અ.૧.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૫/૧૧/૨૦૧૯નો પત્રક્રમાંક:વિજાક/આનિશા/ SEBC/ બૂ.સ્ટે./ન.બા./૨૦૧૯-૨૦/૨૦૮૨-૮૩

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૦/૦૪/૨૦૧૯નો પત્ર ક્રમાંક:વિજાક/સ.છા./ આનિશા/ન.બા./૨૦૨૦-૨૧/

આમુખઃ-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વર્ષ ૧૯૮૬-૮૭ થી આદર્શ નિવાસી શાળાની યોજના અમલી છે. આ વર્ગના વિદ્યાર્થીઓના વાલીઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તેમજ આર્થિક રીતે પણ નબળા હોવાથી તેમના બાળકો ધોરણ-૮ પછી અભ્યાસ ચાલુ રાખી શકતા નથી. જેના કારણે આ જાતિના વિદ્યાર્થીઓના કારકિર્દી ઉપર અવરોધ ન થાય અને આ જાતિના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ સારૂ શિક્ષણ મેળવીને પોતાની શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર કરી શકે તે હેતુથી હાલમાં ધોરણ ૯ થી ૧૨ સુધીના અભ્યાસક્રમની કુલ ૩૩ આદર્શ નિવાસી શાળાઓ પૈકી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૨૮ આદર્શ નિવાસી શાળાઓ હાલમાં કાર્યરત છે. જેમાં કુલ ૫૬૦૦ વિદ્યાર્થીઓને વિનામુલ્યે રહેવા, જમવા તથા ભણવા

વગેરેની સુવિધા આપવામાં આવે છે. તદ્ઉપરાંત દર વર્ષે બુટ-મોજા, પાઠયપુસ્તકો, સ્ટેશનરી અને સાબુ-તેલ વગેરેની સવલતો પણ વિના મુલ્યે આપવામાં આવે છે. વંચાણે લીધા (૧) થી આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બુટ-મોજા માટે રૂ.૨૦૦/-ની મર્યાદામાં સહાય આપવાની જોગવાઈ છે. પરંતુ, પ્રવર્તમાન બજાર ભાવને ધ્યાને રાખતા આ સવલતમાં ખર્ચ મર્યાદા રૂ.૨૦૦/- ખૂબજ ઓછી પડતી હોઇ, આ ખર્ચમાં રૂ.૨૦૦/-નો વધારો કરી રૂ.૪૦૦/- કરવાની રૂ.૧૧.૨૦ લાખની નવી બાબતની વંચાણે લીધેલ નિયામકશ્રીના (૨) અને (૩) પત્રોથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી બુટ-મોજા સહાય રૂ.૨૦૦/- માં રૂ.૨૦૦/- નો વધારો કરીને રૂ.૪૦૦/- કરવા માટે રૂ.૧૧.૨૦ લાખની નવી બાબતની વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૧. આ યોજનાઓનું અંગેનું ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦થી કરવાનું રહેશે.

૧૨. બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર.મુજબ નકશા/અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારી વહીવટી/તાંત્રિક મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૩. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૧૪. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૫. યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવું નહિ અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

૧૬. નાણાં વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવમાં તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી પ્રતિબંધિત કરેલ ખર્ચ વિષયક બાબતો પર ખર્ચ ન થાય તે નિયામકશ્રી(વિ.જા.ક.)એ જોવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માંગણી નંબર: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ, અન્ય પછાતવર્ગનું કલ્યાણ અને લઘુમતી કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ , પેટા મુખ્ય સદર: ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭-શિક્ષણ, પેટા મુખ્ય સદર: (૧૫) ઓબીસી-૬ સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં નિવાસી સવલતો કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દીપલ હડીયલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અગ્રસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેક્ટ ફાઇલ